<u>**રે.દી.મુ.નં.૨૦/૨૦૧૮**</u>

<u>**આંક –૦૧ લગત હુકમ**</u>

વાદીઓ તરફે હાલનો દાવો પ્રતિવાદી વિરુધ્ધ ડેકલેરેશન તથા કાયમી મનાઈ હુકમ મેળવવા માટે તા.૦૩.૦૪.૧૮ ના રોજ દાખલ કરેલ છે.દાવા કામે પ્રતિવાદી હાજર થઈ જવાબ રજુ કરેલ છે તથા ત્યારબાદ આંક –૦૫ ની કામચલાઉ મનાઈ હુકમની અરજી લગત મારા પુરોગામી ન્યાયાધીશશ્રી ધ્વારા હુકમ કરવામાં આવેલ છે તથા ત્યારબાદ મારા પુરોગામી ન્યાયાધીશશ્રી ધ્વારા આંક–પર થી તા.૦૪.૦૪.૨૫ ના રોજ મુદા ઘડવામાં આવેલ છે.ત્યારબાદ દાવાનુ કામ વાદીઓના પુરાવાના તબકકે રહેલ છે તથા વાદીઓના વકીલશ્રીએ આંક–૫૩ થી પુરસીસ રજુ કરી છુટા થવાનુ જાહેર કરેલ છે.ત્યારબાદ વાદીઓને દાવા કામે હાજર થવા નોટીસ કરતા આંક–૫૪ અને ૫૫ થી તા.૩૧.૦૭.૨૫ અને તા.૩૦.૧૦.૨૫ ની નોટીસ બજી ગયેલ છે.ત્યારબાદ વાદીઓ તરફે તા.૦૪.૧૨.૨૫ થી આજદીન સુધી કોઈ હાજર થયેલ નથી તથા આજરોજ વાદીઓનો પોકાર કરાવતા હાજર થયેલ નથી.આજરોજ પ્રતિવાદી ગેરહાજર છે પરંતુ તેઓના વકીલશ્રીનો પોકાર કરાવતા પ્રતિવાદી તરફે વકીલશ્રી જી.એમ.પટેલ હાજર છે તથા વાદીઓના દાવાની હકીકત તથા માંગેલ દાદ અંગે ઈનકાર કરેલ છે.આમ,વાદીઓ તરફે દાવા કામે હાજર થઈ પુરાવો રજુ કરી પોતાનો કેસ પુરવાર કરવામાં રસ ધરાવતા ન હોય તેવુ જણાય છે જેથી વાદીઓનો દાવા સી.પી.સી.ઓર્ડર –૯,રૂલ–૮ મુજબ વાદીઓની ગેરહાજરીના કારણે તથા સી.પી.સી.ઓર્ડર–૧૭,રૂલ–૩ મુજબ પુરાવો નહી રજુ કરવાના કસુરના કારણે રદ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.**૦૩ જી**,માહે–**જુલાઈ**,સને–**૨૦૨૬** ના રોજ વાંચી,સંભળાવી જાહેર કર્યો.

**તારીખ: ૦૩/૦૭/ ૨૦૨૬**
**મુકામ: ભીલોડા**

**(એમ.એ.મકરાણી )**
**પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ,**
**ભિલોડા.**
**UID CODE GJ01007**